# મોબાઈલ ફોન - વર્ગખંડ શિક્ષણનું દૂષણ કે આભૂષણ ?

આધુનિક ટેકનોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં પ્રવેશ એ આવકાર્ય અને ઉલ્લાસ ઉપજાવનારી ઘટના ગણી શકાય. આમછતાં એક સિક્કની બે બાજુની જેમ ક્યારેક જે પોષતું તે જ મારતું પણ બની જાય છે. જેનું એક ઉદાહરણ મોબાઈલ ફોન ગણી શકાય. મોબાઈલ ફોનની શોધ અને ઉપયોગ કરવાની આવડતે વ્યક્તિની શોચ જ બદલી નાંખી છે. આજે મોબાઈલ ફોન વિદ્યાર્થી આલમમાં શૈક્ષણિક સાધન નહીં પણ સ્ટેટસ સિમ્બોલ બની રહયો છે. મોબીલીટીએ મોડર્નાલીટી અને પર્સનાલીટી ગણાય છે, ત્યારે શિક્ષણઆલમમાં તેના ઉપયોગ અને પ્રતિઉપયોગ સાથેની ચર્ચાઓ થવા લાગી છે.

હમણાં જ ઘટેલી બે ઘટનાએ આખા દેશના શિક્ષણ ચિંતકો, મનોવિજ્ઞાનીઓ અને મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો માટે ખાસું એવું ઘ્યાન દોર્યુ છે. પટનાની એક શાળામાં ધો.-૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાસેથી તેની સ્કૂલબેગમાંથી મોબાઈલ મળતાં તે વિદ્યાર્થીનીને શાળામાંથી હાંકી કાઢવામાં આવી. તો બીજી અન્ય એક કોલેજમાં એક વિદ્યાર્થીનીનો મોબાઈલ ચાલુવર્ગમાં રણકી ઉઠતાં જ તેની શિક્ષિકાએ લાફો ઝીંકી દીધો હતો. આ બંને ઘટનાઓએ વાલી, વિદ્યાર્થી અને શિક્ષકને સામસામે લાવી દીધા હતાં. એક ટી.વી. ચેનલે તો આ માટે ચર્ચા પણ ગોઠવી હતી. ત્યારે સૌના મનમાં પ્રશ્ન થાય જ કે વર્ગખંડમાં - શાળા કે કોલેજ કેમ્પસમાં મોબાઈલ ફોનની જરૂર કેટલી? શાળા-કોલેજોમાં મોબાઈલ ફોન જરૂરી છે તેવું માનનાર વિદ્યાર્થીઓ અને વાલીની દલીલ એવી છે કે મોબાઈલ ફોન સુરક્ષા પૂરી પાડે છે. ખાસ કરીને છોકરીઓ પક્ષે આ દલીલ કેટલાક અંશે સાચી પણ જણાય છે. એવી કેટલીક ઘટનાઓ બનતી હોય છે કે જે વખતે તાત્કાલિક સહાયની જરૂર હોય ત્યારે વિદ્યાર્થી તાત્કાલિક વાલીનો સંપર્ક સાધી શકે છે. આ ઉપરાંત ઘર કે શાળામાં બનતી ઘટનાઓથી વિદ્યાર્થી કે વાલીને તાત્કાલિક જાણ કરીને આયોજન બદલી શકાય છે. વિદ્યાર્થી ક્યાં છે અને શું કરે છે તેની માહિતી વાલી ઇચ્છે ત્યારે લઇ શકે છે. આમ વાલીઓ ચિંતા મુક્ત બની શકે છે. અકસ્માત કે

બિમારી વખતે મોબાઈલ ફોન રાહત અપાવવામાં ક્યારેક મદદરૂપ પણ થાય છે. આમ મોબાઈલ વાલીને વિદ્યાર્થીના સતત સંપકૃમાં રાખે છે.

મોબાઈલ સર્વિસ પૂરી પાડનાર વર્ગનું કહેવું એવું છે કે, આજના આ અતિઆધુનિક ઇન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓને મોબાઈલથી દૂર રાખવા એ વિદ્યાર્થીઓ સાથેની ક્રૂરતા જ ગણાય. મોબાઈલને શૈક્ષણિક સાધન તરીકે લેખાવતા આ વર્ગના મતે મોબાઈલ દ્વારા ઇન્ટરનેટ કે એસ.અમ.,એસ.નો ઉપયોગ કરીને વિદ્યાર્થી પોતાની શૈક્ષણિક માહિતી મેળવી શકે છે. સમાચારપત્રો અને ટી.વી.ની જેમ જ મોબાઈલ ફોન એ વિદ્યાર્થીઓ માટે અત્યંત સહાયરૂપ સાધન છે, વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ છૂટથી કરવા દેવો જોઇએ.

આ લેખના લેખક પોતે જ અધ્યાપક હોવાના નાતે કેટલાક અનુભવોને આધારે મોબાઈલ ફોનને વર્ગખંડ શિક્ષણનું દૂષણ માને છે. આ લેખકને જ અનેકવાર એવા અનુભવો થયા છે કે અધ્યયનઅધ્યાપનની પ્રક્રિયા સરસ રીતે ચાલી રહી હોય અને ત્યાં જ કોઇનો મોબાઈલ ખખડી ઊઠે ! આખો વર્ગ ચલિતતાના પંથે ! તો વળી કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય ચાલુ હોય ત્યારે એકબીજાને એસ.એમ.એસ. કરીને સમય પસાર કરતા હોય છે. જેઓ બેઠા હોય છે વર્ગમાં પણ તેમનું મન બીજે ભટકતું હોય છે. કોઇ

વિદ્યાર્થીને એસ.એમ.એસ. ફ્રી ન હોય તો તે વળી મોબાઇલમાં કોઇ ગેઇમ રમતો હોય છે. આમ મોબાઇલ એક એવી ચીજ છે કે જે વિદ્યાર્થીનું ચિત્ત બગાડે છે. ચિત્ત કેટલી હદ સુધી બગડ્યું છે તે માટે સમાજશાસ્ત્રીઓએ એક સંશોધન કરવા જેવું છે. જેમાં દરેક વિદ્યાર્થીના મોબાઇલમાં રહેલા એસ.એમ.એસ. જો વાંચવામાં આવશે તો ખ્યાલ આવશે કે તેઓ કેવા એસ.એમ.એસ. પસંદ કરે છે. મારા મતે જો આવો અભ્યાસ કરવામાં આવે તો ૫૦% અભદ્ર જોક્સ, ૨૫ % શેરશાયરી, ૨૦ ટકા નિર્દોષ જોકસ અને ૫ % મૂલ્યોની ખિલવણી માટેના સૂત્રો હશે. આમ એસ.એમ.એસ. એટલે સ્ટુડન્ટ મોડકેપ સર્વિસ ( વિદ્યાર્થીને વિકૃતચિત્તવાળાં બનાવનારી સેવા) અથવા તો સ્ટુડન્ટ મિસચિફ સર્વિસ એવું પણ કહી શકાય. વર્ગખંડના મોનીટરનું સ્થાન આજે મોબાઇલે લઇ લીધું છે. રિસેસના સમયે કે ક્યારેક જાહેરમાં પણ ખાનગીમાં મોબાઇલ વડે છોકરીઓના ફોટા પાડતા વિદ્યાર્થીનો કઇ રીતે બચાવ કરવો? આ ઉપરાંત મોબાઇલ ફોન છોકરા અને છોકરીઓને સંપર્કમાં લાવનાર અને રાખનાર એજન્ટનું કામ પણ કરે છે. હજારો વ્યક્તિઓની વચ્ચે ચાલતા પ્રેમાલાપ માટે કોઇ શંકા પણ કરી શકતું નથી! શાળા-કોલેજોમાં મોબાઇલફોન રાખવાના બચાવની સામે બચાવ કરી શકાય કે, શાળા- કોલેજોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જાય છે. ત્યારે તેમનામાં અન્ય દૂષણો પ્રવેશે તેવી તકો શા માટે આપવી? હા...ક્યારેક વિદ્યાર્થી અને વાલી વચ્ચે ઓચિંતી વાત કરવાની જરૂરિયાત ઊભી થાય તો વાલી કોલેજના ફોન પર સંપર્ક કરી શકે છે. કોઇપણ શાળા કોલેજ ના નથી પાડતી. તો નાની શાળા- કોલેજ ફોન કરવાની પણ કારણ તપાસીને સગવડ આપે છે. મોટી શાળાકોલેજોએ આ માટે શાળાકોલેજમાં જ પબ્લિક ટેલિફોનની સગવડ ઊભી કરવી જોઇએ. જેથી વિદ્યાર્થી વિના સંકોચે સરળતાથી ઉપયોગ કરી શકે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરની દલીલ ગળે ઉતરે તેવી નથી. આજે પણ
શાળાકોલેજોમાં જ્યાં કમ્પૂટર પર જ ઇન્ટરનેટનો પૂરતો ઉપયોગ થતો નથી ત્યાં મોબાઇલ દ્વારા ક્યાંથી કરવાના છે. કટેલાં વિદ્યાર્થીઓ મોબાઇલ પર ઇન્ટરનેટની સુવિધા ધરાવે છે? અરે, મોબાઇલને કારણે પરીક્ષામાં ચોરી પણ વધતી જાય છે. તો વળી જ્યાં કેલ્કયુલેટરનો ઉપયોગ કરવાનો ન હોય ત્યાં પણ મોબાઇલનો ઉપયોગ કરીને ગણતરી કરતાં વિદ્યાર્થીઓ પોતાનું ગણિત બગાડતાં જાય છે. વર્ગખંડમાં મોબાઇલ આવવાથી વિદ્યાર્થીઓમાંથી મોરાલીટી જવા માંડી છે. મોબાઇલ એ મલ્ટીમિડિયા જ નહીં મલ્ટીન્યૂશન્સ પણ છે. મોબીલીટી સોસ્યાલીટી વધારે છે પણ સાથે મોરાલીટી ઘટાડે છે. મોબાઇલની સ્પીડ વિદ્યાર્થીને સ્ટુપીડ બનાવી રહી છે ત્યારે વાલીઓએ ચેતી જવાની જરૂર છે. વિદ્યાર્થીઓ પર એટલી જવાબદારી ઠોકી દેવી જરૂર નથી કે તેની સાથે વાલીએ મોબાઇલફોન પર અવારનવાર વાત કરવી પડે. હા...આકસ્મિક ઘટના વખતે મોબાઇલ ઉપયોગી થાય છે, પણ આવી ઘટના કેટલીવાર બને છે? જ્યારે બને ત્યારે તે ઘટનામાંથી ઉગરવાના અન્ય વિકલ્પો પણ ક્યાં નથી? કેટલીક શાળાકોલેજોમાં મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, પરંતુ પરિણામ મળ્યું નથી. આ માટે તો નિયમ કરતાં નિષ્ઠા વધારે ઉપયોગી થશે. શિક્ષકોના પ્રયત્નોમાં વાલીએ પણ સહભાગી બનીને સહકાર આપવો જોઇએ. શાળાકોલેજોમાં મોબાઇલ લઇ જતો વિદ્યાર્થી જેટલો દંડનીય છે તેટલો જ તેનો વાલી પણ દંડનીય છે. નવાવર્ષે ઇચ્છીએ કે વિદ્યાર્થી અને વાલી દંડનીય મટીને શોભનીય બને.